# કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ
## આણંદ કૃષિ યુનિવર્સિટી
## ગોધરા-૩૮૯૦૦૧


**<u>પી. એમ. શ્રી કેન્દ્રિય વિધ્યાલય, ગોધરા ખાતે કૃષિ તેમજ તેને સંલગ્ન ચાલતા જુદા જુદા ડિપ્લોમા અને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો વિષે માર્ગદર્શન અને કારકીદીલક્ષી તેમજ ગ્રીન સ્કૂલ અને કેરિયર કાઉન્સેલિંગ વિષે સેમિનાર યોજાયો</u>**

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના અબ્રાહમ પટેલના મુવાડા ખાતે આવેલ પી. એમ. શ્રી કેન્દ્રિય વિધ્યાલયમાં તારીખ ૦૬/૦૨/૨૦૨૬ ના રોજ કૃષિ તેમજ તેને સંલગ્ન ચાલતા જુદા જુદા ડિપ્લોમા અને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો વિષે સચોટ માર્ગદર્શન અને કારકીદીલક્ષી તેમજ ગ્રીન સ્કૂલ અને કેરિયર કાઉન્સેલિંગ વિષે સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું. સદર સેમિનારનું આયોજન આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વિધાયલના ધોરણ ૯ થી ધોરણ ૧૨ માં અભ્યાસ કરતાં કુલ ૫૦ વિધાર્થીઓ અને વિધ્યાર્થીનીઓ ભાગ લીધો હતો. કાર્યક્રમ ની શરૂઆત વિધ્યાલય દ્વારા પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. શિવામૂર્તિ શ્રીવાસ્તવ, આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી, ગોધરા; શ્રી અજિત સિંગ, ઇનચાર્જ આચાર્ય, પી. એમ. શ્રી કેન્દ્રિય વિધ્યાલય, ગોધરા, કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ ના અધિકારીશ્રીઓ તથા સ્કૂલના શિક્ષકશ્રીઓ હાજર રહ્યા.

કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરાના આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી ડૉ. શિવામૂર્તિ શ્રીવાસ્તવ દ્વારા વિધ્યાર્થીઓને કૃષિ અને તેને સંલગ્ન જુદા જુદા અભ્યાસક્રમોની મહત્વતા તથા કૃષિ ક્ષેત્રમાં રહેલ કારકીદીલક્ષી ઉજવળ તકો વિષે તેમજ આ કૃષિ ક્ષેત્રમાં સંશોધન, ટેકનોલોજી અને નવીનતા કૃષિ-ટેકનોલોજીથી લઈને બાયોટેકનોલોજી સુધી નવી નોકરીઓ અને ભૂમિકાઓનું સર્જન વિષે માહિતગાર કરવામાં આવેલ હતા. ડૉ. ડી. કે. વ્યાસ, પ્રાધ્યાપક અને વડા, આર. ઇ. ઇ. વિભાગ, કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા “ગ્રીન સ્કૂલ” વિષે માહિતગાર કરી વાતાવરણ ને કેવી પ્રદુષિત થતાં અટકાવવું, પુનઃ પ્રાપ્ય ઉર્જા વાપરવાથી થતાં ફાયદા અને વરસાદી પાણી નો જળ સંચય કેવી રીતે કરી શકાય તેના વિષે માહિતગાર કર્યા અને કૃષિ અને તેને લગતા સંલગ્ન વિષયો આપણા રાસ્ટ્રના અર્થતંત્ર અને વિકાસ માટે ખૂબ ઉપયોગી; જીવન ટકાવી રાખવા, રાષ્ટ્રને ખોરાક આપવા અને સમુદાયોનું પાલન-પોષણ કૃષિ દ્વારા કેવી રીતે કરી શકાય તેના વિષે માહિતગાર કરેલ હતા. વધુમાં ડૉ. જે. શ્રવણકુમાર, મદદનીશ પ્રાધ્યાપક, આર. ઇ. ઇ. વિભાગ, કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા વિધ્યાર્થીઓને કેરિયર કાઉન્સેલિંગ દ્વારા વિધ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય અને કારકીદી કેવી રીતે બનાવી શકે તેના વિષે માહિતગાર કર્યા.
















સેમિનારના અંતે શ્રી મીના, પી. એમ. શ્રી કેન્દ્રિય વિધ્યાલય, અબ્રાહ્મ પટેલના મુવાડા, ગોધરા  દ્વારા આમંત્રિત મહેમાનો, વિધાયલના ધોરણ ૯ થી ધોરણમાં અભ્યાસ કરતાં તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.